ઇ-મેઈલ
ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/28323-60

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.16/૧૨/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : ગુજરાત સાયન્સ સિટી ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના શૈક્ષણિક પ્રવાસ બાબત.
સંદર્ભ : ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ની
તા.૭/૧૨/૨૦૨૨ ની રજૂઆત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) અને ગુજરાત સાયન્સ સિટી એ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત છે. જે રાજ્યમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે અભિરૂચિ અને જિજ્ઞાસા વધે તે માટે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓ દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર પ્રસારનું કાર્ય કરે છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે આવેલ વિવિધ આકર્ષિત ગેલેરીઓ કે જે વિજ્ઞાન અને ટેકનોલોજીની માહિતીથી સભર, રોમાંચક અને આકર્ષણથી ભરપૂર છે. ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક તેમજ વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ વધારવામાં મદદરૂપ બની રહે છે. ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઉકત ઉદ્દેશને ધ્યાને લઇ રાજયની સરકારી શાળાઓના ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સાયન્સ સિટી ખાતે પ્રવાસ કરવા માટેનું આયોજન કરેલ છે.

ગુજ્કોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના આયોજન અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા આ પ્રવાસના ઉદ્દેશને ધ્યાને લઇ, આ પ્રવાસને શૈક્ષણિક પ્રવાસ તરીકે માન્યતા આપવામાં આવે છે.

આ પ્રવાસ માટેના અમલીકરણની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

- ગુજકોસ્ટ, એ સાયન્સ સિટીના પ્રવાસનું સંચાલન કરવા માટેની નોડલ એજન્સી છે.
- આ કાર્યક્રમનો લાભ લેવા માટે જિલ્લાની સરકારી શાળાઓએ ગુજકોસ્ટ દ્વારા સંચાલિત જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે.
- દરેક જિલ્લામાંથી દિવસના મહત્તમ 60 વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગુજરાત સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાત લઇ શકશે. જેના માટેની નોંધણી ગુજકોસ્ટના લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે કરાવવાની રહેશે.
- દરરોજ જિલ્લાની અલગ અલગ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લેશે.
- ગુજરાત સાયન્સ સિટી ખાતેનો આ શૈક્ષણિક પ્રવાસ મંગળવારથી શુક્રવારના રોજ રહેશે. શનિવાર, રવિવાર, સોમવાર અને જાહેર રજાના દિવસોમાં મુલાકાતનું આયોજન શક્ય નથી.
- ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત માટે GSRTCની બસ નોંધાવવાની રહેશે. જેનો Transportationનો ખર્ચો ગુજકોસ્ટ કચેરી દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રને ચૂકવવામાં આવશે.

Scanned with CamScan

- જિલ્લામાંથી આવનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની એન્ટ્રી ટિકિટ, બધી જ ગેલેરીઓની મુલાકાતની ટિકિટ અને અન્ય એક્ટીવીટીનું આયોજન ગુજરાત સાયન્સ સિટી દ્વારા કરવામાં આવશે
- આ ઓર્ડર ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૨ થી ૩૧મી માર્ચ, ૨૦૨૩ના દિવસ સુધી જ માન્ય રહેશે.

આ પ્રયાસથી રોજના ૩૩ જિલ્લાના લગભગ ૧૫૦૦ જેટલા વિદ્યાર્થી અને શિક્ષકો ગુજરાત સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાત લેશે. આ મુલાકાતથી વિદ્યાર્થી અને શિક્ષકોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અભિરૂચિ અને જિજ્ઞાસા વધશે અને તેમની કારકિર્દીમાં પણ પ્રેરકરૂપ બનશે.

ઉક્ત વિગત અન્વયે આપના જિલ્લાની સરકારી શાળાઓના વધુમાં વધુ વિદ્યાર્થીઓ દ્વારા સાયન્સ સિટીની મુલાકાત લેવામાં આવે તે માટે આપની કક્ષાએથી તાબાની તમામ શાળાઓને જરૂરી જાણ કરવા/સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: 'ગુજકોસ્ટ'નો પત્ર

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

<u>નકલ રવાના :</u>

1. Managing Director, Gujarat State Road Transport Corporation,Ahmedabad.
2. Dr. Narottam Sahoo, Advisor and Member Secretary, GUJCOST, Gandhinagar
3. The Executive Director, Gujarat Council of Science City, Ahmedabad
4. The Coordinator, 33 Community Science Centers.

Scanned with CamScan

**GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY**
Department of Science & Technology, Government of Gujarat
Block : B, 7th Floor, M. S. Building, Nr. Pathikashram, Sector-11,
Gandhinagar, Gujarat - 382011.
Phone : (079) 23259362-65 Fax : (079) 23259363
E-mail : info-gujcost@gujarat.gov.in
URL : www.gujcost.gujarat.gov.in

सत्यमेव जयते

**Dr. Narottam Sahoo**
Advisor and Member Secretary

No. GUJCOST/SP/2022-23/ 2742 — 7th December, 2022

08 DEC 2022
(2013)
28676

**Ms. Shalini Duhan, IAS**
Commissioner
Commissionerate of Schools
9/1, Dr. Jivraj Mehta Bhavan,
Gandhinagar-382010

Sub: Proposal on Educational visit of students and teachers of different districts to Gujarat Science City, Ahmedabad

Respected Madam,

Greetings from Gujarat Council on Science & Technology (GUJCOST), Gandhinagar.

It is our pleasure to inform you that GUJCOST is working under the aegis of the Dept. of Science and Technology, Govt. of Gujarat, is the nodal agency for the S&T promotion, awareness, education, research and development through its various programmes and outreach activities across the state and country.

For the benefit of the students and with an objective to inculcate the scientific temperament among the students from rural and remote districts of Gujarat, GUJCOST has designed an educational visit wherein students of Govt schools from all districts of Gujarat can visit Gujarat Science City free of cost. It would be a great learning exposure for the students as they will be able to visit various scientific galleries and set an exposure at the advance S & T fields at Gujarat Science City.

As per the Science City schedule, students visit will take place on week days, including Tuesday, Wednesday, Thursday, and Friday and will continue upto 31st March 2023. It is planned to have around 60 students and teachers per bus from each district each day for visiting Science City. As such about 1600 students from 33 districts can visit Science City with 33 buses and benefitted from the above program.

In this connection, GUJCOST has contacted GSRTC for the arrangement of transport facility for this students visit. The GSRTC has submitted an estimate budget of Rs. 6.60 Cr as transport cost, which has to be deposited in advance @ Rs. 25000/- per bus.

However, for students visit, GSRTC has a provision of 25% concession on bus booking. For this, GSRTC needs a letter/ circular from Education Department.

In view of the above and for Science City exposure, we request you to kindly issue a letter/ circular for the above educational visit to Science City on which GUJCOST can book the buses for students at a concessional rate.

We are enclosing herewith a draft Circular in this regard for your kind perusal.

We look forward to your kind support and guidance in the above.

Thank you and with best regards,

Yours sincerely,

(Narottam Sahoo)

Encl as above

08.12.22
J.D.(10)
issue

Scanned with CamScanner

જિલ્લા

ક્ર.નં.મા-૧/૨૦૨૨/ ૨૨૭૪૪

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી,
જિલ્લા સેવા સદન-૧,
જિલ્લો સુરત.
તા:- ૨૩/૧૨/૨૨

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિ- સુરત.

District Education Officer
Surat. Dist. Surat

Scanned with CamScan